શ્રી સમસ્ત કચ્છી દશા ઓશવાલ જૈન મહાજન
જ્ઞાતિનું કેન્દ્રવર્તી મહાજન

# જ્ઞાતિમૈયા

**જ્ઞાતિનું એકમાત્ર અધિકૃત મુખપત્ર**

ઈ-મેગેઝીન • વર્ષ : ૧ • અંક : ૨૩ • તા. ૧૭ નવેમ્બર થી ૨૩ નવેમ્બર ૨૦૧૮

**Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan**, 2, Krishan Kunj, Valaji Ladha Road, Mulund (West), Mumbai - 80.

# હલો નલિયા...



શ્રી સમસ્ત કચ્છી દશા ઓશવાલ જૈન મહાજન આયોજિત

જ્ઞાતિનું ચતુર્થ સંમેલન

**યજમાન :**
**શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન,**
**નલિયા**

આયો રે આયો રે જ્ઞાતિ સંમેલન આયો રે...
ભાયો રે ભાયો રે ભાવરેંજે મન ભાયો રે...

જુવાનીંયે જો જોર જગાયલા સંમેલન આયો રે...
યુવાશક્તિ કે કમેં લગાયલા સંમેલન આયો રે...

નારીશક્તિ મજબૂત કરેલા સંમેલન આયો રે...
જ્ઞાતિ ઉત્કર્ષજો જોશ ભરેલા સંમેલન આયો રે...

ભેદભાવ કે દૂર કરેલા સંમેલન આયો રે...
એક્તા કે મજબૂત કરેલા સંમેલન આયો રે...

## તારીખ : ૨૩, ૨૪, ૨૫ ડિસેમ્બર ૨૦૧૮

## સ્થળ : શેઠ શ્રી ભવાનજી અરજણ ખીમજી નગર, નલિયા, અબડાસા, કચ્છ.

લડવુંજ નહીં એના કરતા લડવું ને હારવું સારૂ

- આર્થર કફ

દરેક મુશ્કેલી એક નવી તકને જન્મ આપે છે.

- હેન્રી ડેવિડ થોરો

ડાહ્યો માણસ પોતે સાચો હોય
તો પણ દલીલ કરતો નથી

- જેમ્સ એલન



નીશિથ આનંદ દંડ

Sure Safety®
Complete Safety Solutions
PPE Training Consulting & Services



જ્ઞાતિ શિરોમણી શેઠશ્રી નરશી નાથા


**-: સંપાદક ગણ :-**

નીશિથ આનંદ દંડ
જયંત વસનજી છેડા
રાજેન્દ્ર મણીલાલ ખોના
લક્ષ્મીચંદ લાલજી પોલડીયા
પ્રવીણ હંસરાજ લોડાયા
તીલોકચંદ નરશી દંડ
કિર્તીકુમાર ધનજી ધરમશી



**-: કાર્યાલય :-**

**પોસ્ટ/કુરીઅર પત્રવ્યહાર માટે સરનામું**

Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan
B-2, Krishana Kunj,
V.L.Road, Mulund (West)
Mumbai - 400 080.
**Tel. 9769991922**
**9833406124**


**જ્ઞાતિમૈયા હવે નેટ પર....**

www.kdosamastamahajan.org
Email :
gyatimaiya2018@gmail.com


**નોંધ :** આ પત્રમાં પ્રકાશિત તથા લેખકોનો સ્વતંત્ર અભિપ્રાય/મંતવ્યો સાથે તંત્રીમંડળ સહમત જ છે એમ માનવું નહીં. તેમજ આોગ્યને લગતા લેખો કે કોઈ જાહેરાતોમાં કરવામાં આવતા દાવાઓ/વિધાનો અંગે જ્ઞાતિમૈયા સમિતિની કોઈ જવાબદારી નથી.


## અમારી વાત...

**સંપાદક સ્થાનેથી**

# માતની હાકલ પડી છે...

જ્ઞાતિ સંમેલનની તૈયારીઓ પૂરજોશમાં શરૂ છે. સંમેલનના દિવસો ઢૂંકડા આવવા લાગ્યા છે નાના-મોટા, યુવાનો, વડીલો, મહિલાઓમાં સંમેલન માટે ઉત્સાહ પ્રર્વતે છે. વ્યાપારી, વ્યવસાહિક ક્ષેત્રના પણ સૌ પોતાની લાભપ્રદ યોજનામાં નામ નોંધાવવાનો સર્વ વર્ગમાં આશા ઉમંગ અને ઉત્સાહનો માહોલ છે.

અને શું કામ ન હોય ? ઘણા વર્ષો વિત્યાં પછી સંગઠનનું બળ બતાવવાનો સમય આવ્યો છે જ્ઞાતિની તાકત શું છે. એ દર્શિત કરવાનો મોકો મળ્યો છે. લગભગ પોણા ત્રણ દાયકાબાદ આ અવસર મંડાયો છે. આ દરમ્યાન એક આખી નવી પેઢી અવતરી અને જુવાન જોધ થઈ છે. એ યુવા પેઢી શિક્ષણ, ટેકનોલોજીમાં મહારત હાંસિલ કરી છે. કમાવા લાગી છે. એના જ્ઞાન અને વિચાર વહેણનો લાભ હવે લેવાનો યોગ્ય મોકો છે. જ્ઞાતિહિતની ભાવના, જ્ઞાતિ ઉપયોગની ભાવના, જ્ઞાતિદાઝ તેમને હૈયે છે. રોમે રોમ છે.

વિવિધ મહાજનોનું સંચાલન વહીવટ કરનારા તેનું નેતૃત્વ કરનારા મોવડીઓ પણ નવા છે. તેમના વિચારોને વાચામળે, તેમના સંકલ્પોને ટેકો મળે, આવા કર્ણધારોને પ્રોત્સાહન મળે એવી તક આ સંમેલન યોગ્ય મંચ છે. વિતેલી પેઢી, વર્તમાન પેઢી અને આવનારી પેઢીનું સંકલન કરી સમન્વય સાધી આ મહાયજ્ઞનું આયોજન સફળ થાય એવા સહિયારા પ્રયાસ સૌએ કરવા જોઈએ.

જ્ઞાતિ માતાનું આહવાન થયું છે. એણે સૌને હાકલ કરી છે. એને પ્રતિસાદ આપવાની હરેક મહાજન, દરેક જ્ઞાતિજનની ફરજ છે. એની હાકલને માન આપી આપણે સૌ એને અચૂક સફળ બનાવીએ, સફળ બનાવવામાં સહયોગી થઈએ.

જય જ્ઞાતિમૈયા




# શ્રી સમસ્ત કચ્છી દશા ઓશવાલ જૈન મહાજન

કાર્યાલય : રૂમ નં. ૨, બી વિંગ, ગાઉન્ડ ફ્લોર, કૃષ્ણાકુંજ, વાલજી લધા રોડ, મુલુંડ (વેસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૮૦.
ઈમેલ : mahajansamast@gmail.com • વેબસાઇટ : www.kdosamastamahajan.org

**આયોજિત**

## ચતુર્થ જ્ઞાતિ સંમેલન એવં પ્રથમ રાષ્ટ્રીય નારી શક્તિ ૨૦૧૮ એવં પ્રથમ રાષ્ટ્રીય યુવા ફેસ્ટ ૨૦૧૮ના કાર્યક્રમોની રૂપરેખા

યજમાન : **શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન જ્ઞાતિ મહાજન,** નલિયા

સ્થળ : **શેઠ શ્રી ભવાનજી અરજણ ખીમજી નગર,** નલિયા અબડાસા, કચ્છ.

મુખ્ય સહયોગી : **શેઠ શ્રી ભવાનજી અરજણ ખીમજી,** કચ્છ તેરા, માટુંગા હસ્તે **શેઠશ્રી હંસ બી. ખીમજી,** તેરા-માટુંગા

### પ્રથમ દિવસ તા. ૨૩-૧૨-૨૦૧૮

સવારના ૯.૩૦ **પ.પૂ.આ.ભ.તપસ્વીરત્ન શ્રી ગુણોદયસાગરજી સૂરીશ્વરજી મ.સા.**નું સામૈયુ સહ માંગલિક/આશિર્વાદ.
૧૦.૦૦ થી ૧.૩૦ સંમેલન ઉદ્‌ઘાટનની વિધિઓ

• દિપ પ્રાગટ્ય • સંમેલનના ગણમાન્ય અતિથિઓ/પ્રમુખશ્રી દ્વારા સ્થાન ગ્રહણ/ઉદબોધન • સેક્રેટરી જનરલ દ્વારા સંમેલનના કાર્યક્રમોની રૂપરેખા • યુવા ફેસ્ટ ૨૦૧૮નું ઉદ્‌ઘાટન • નારી શક્તિ ૨૦૧૮નું ઉદ્‌ઘાટન • સંમેલનના મુખ્ય લાભાર્થીઓનું સન્માન • ૧.૩૦ થી ૨.૩૦ ભોજન વિશ્રામ • ૨.૩૦ થી ૫.૪૫ ખરડા સમિતિ દ્વારા રજુઆતો/ઠરાવ • ૫.૪૫ થી ૮.૦૦ ચૌવિહાર અને ફ્રી સમય • ૮.૦૦ થી ૯.૩૦ 'મહાજન મિલાપ'નો કાર્યક્રમ

### દ્વિતીય દિવસ તા.૨૪-૧૨-૨૦૧૮

• સવારના ૯ થી ૧.૦૦ ખરડા સમિતિ દ્વારા રજુઆતો/ઠરાવ • ૧.૦૦ થી ૨.૦૦ ભોજન વિરામ • ૨.૦૦ થી ૫.૪૫ ખરડા સમિતિ દ્વારા રજુઆતો અને અન્ય પ્રાસંગિક રજુઆતો/ઠરાવ • ૫.૪૫ થી ૮.૦૦ ચૌવિહાર અને ફ્રી ટાઈમ • ૮.૦૦ થી ૯.૩૦ 'રાસગરબા'નો રંગારંગ કાર્યક્રમ

### તૃતીય દિવસ તા.૨૫-૧૨-૨૦૧૮

• સવારના ૯ થી ૧૧.૦૦ સંમેલનની શોભાયાત્રા • ૧૧.૦૦ થી ૧.૦૦ સંમેલનનું ખુલ્લું સત્ર પ્રારંભ • સેક્રેટરી જનરલ દ્વારા આવકાર ભાષણ • સંમેલને પસાર કરેલ ખરડાની રજુઆત • સમસ્ત મહાજનની સમિતિઓના કાર્ય બાબત રજુઆત/અન્ય જ્ઞાતિહિતના પ્રકલ્પોની જાહેરાત • ૧.૦૦ થી ૨.૦૦ નાતજમણ • ૨.૦૦ થી ૫.૪૫ જ્ઞાતિના વરિષ્ઠ તેમજ અનન્ય સિધ્ધિ પ્રાપ્ત જ્ઞાતિજનોનું બહુમાન • સમસ્ત મહાજન દ્વારા નલિયા મહાજનનું સન્માન/બહુમાન/આભાર કાર્યક્રમ • નલિયા મહાજન દ્વારા સમસ્ત મહાજનનું સન્માન/બહુમાન/આભાર કાર્યક્રમ • સંમેલનની પૂર્ણાહુતિ પ્રસંગે સેક્રેટરી જનરલનું ઉદ્‌બોધન અને આભાર પ્રદર્શન વિધિ.



## નારી શક્તિ-૨૦૧૮



### પ્રથમ દિવસ તા.૨૩-૧૨-૨૦૧૮

સવારના ૯.૩૦ થી ૧.૩૦ મુખ્ય સંમેલનમાં હાજરી • ૧.૩૦ થી ૨.૩૦ ભોજન વિરામ • ૨.૩૦ થી ૫.૪૫ વિવિધ વિષયે બહેનોને જાણકારીઓ • ૫.૪૫ થી ૮.૦૦ ચૌવિહાર અને ફ્રી ટાઈમ • ૮.૦૦ થી ૯.૩૦ 'મહાજન મિલાપ' કાર્યક્રમ

### દ્વિતીય દિવસ તા.૨૪-૧૨-૨૦૧૮

સવારના ૯ થી ૧.૦૦ વિવિધ વિષયે બહેનોને જાણકારીઓ • અને મહિલા વિકાસના પ્રકલ્પની જાહેરાત • ૧.૦૦ થી ૨.૦૦ ભોજન વિરામ • ૨.૦૦ થી ૫.૪૫ વૈદ્યકિય બાબતે માર્ગદર્શન અને વિવિધ વિષયે બહેનોને જાણકારીઓ • ૫.૪૫ થી ૮.૦૦ ચૌવિહાર અને ફ્રી ટાઈમ • ૮.૦૦ થી ૯.૩૦ 'રાસગરબા'નો રંગારંગ કાર્યક્રમ

### તૃતીય દિવસ તા.૨૫-૧૨-૨૦૧૮

સવારના ૯.૦૦ થી ૧૧.૦૦ શોભાયાત્રામાં હાજરી • ૧૧.૦૦ થી ૧.૦૦ મોટીવેશનલ કાર્યક્રમ/નારી શક્તિ ૨૦૧૮ની પૂર્ણાહુતિ • ૧.૦૦ થી ૨.૦૦ નાતજમણ • ૨.૦૦ થી ૫.૪૫ મુખ્ય સંમેલનમાં હાજરી • ૫.૪૫ થી ચૌવિહાર

## યુવા ફેસ્ટ-૨૦૧૮

### પ્રથમ દિવસ તા.૨૩-૧૨-૨૦૧૮

સવારના ૯.૩૦ થી ૧.૩૦ મુખ્ય સંમેલનમાં હાજરી • બપોરના ૧.૩૦ થી ૨.૩૦ ભોજન વિરામ • બપોરના ૨.૩૦ થી ૫.૪૫ વિવિધ વિષયે યુવાઓને માર્ગદર્શન તથા મેનેજમેન્ટ ગેમ • સાંજના ૫.૪૫ થી ૮.૦૦ ચૌવિહાર અને ફ્રી ટાઈમ • ૮.૦૦ થી ૯.૩૦ 'મહાજન મિલાપ' કાર્યક્રમ

### દ્વિતીય દિવસ તા.૨૪-૧૨-૨૦૧૮

સવારના ૯.૩૦ થી ૧.૦૦ યુવાઓને જ્ઞાતિ સેવામાં જોડાવા આહ્વાન • બપોરના ૧.૦૦ થી ૨.૦૦ ભોજન વિરામ • બપોરના ૨.૦૦ થી ૫.૪૫ સમસ્ત મહાજનના પ્રકલ્પની રજુઆત અને મનીષ જૈન દ્વારા માર્ગદર્શન • ૫.૪૫ થી ૮.૦૦ ચૌવિહાર અને ફ્રી ટાઈમ • ૮.૦૦ થી ૯.૩૦ 'રાસગરબા'નો રંગારંગ કાર્યક્રમ

### તૃતીય દિવસ તા.૨૫-૧૨-૨૦૧૮

સવારના ૯.૦૦ થી ૧૧.૦૦ શોભાયાત્રામાં હાજરી • સવારના ૧૧.૦૦ થી ૧.૦૦ સમસ્ત મહાજનના પ્રકલ્પની જાહેરાત/યુવા ફેસ્ટ-૨૦૧૮ની પૂર્ણાહુતિ • બપોરના ૧.૦૦ થી ૨.૦૦ નાતજમણ • બપોરના ૨.૦૦ થી ૪.૦૦ મુખ્ય સંમેલનમાં હાજરી • ૫.૪૫ થી ચૌવિહાર

## જ્ઞાતિજનોને આવાહન

### જ્ઞાતિના વિવિધ ક્ષેત્રે કિર્તીમાન હાંસલ કરેલ વ્યક્તિના બહુમાન/સન્માન બાબત

સુજ્ઞ જ્ઞાતિજનો,

આપણી જ્ઞાતિની વિવિધ ક્ષેત્ર કિર્તીમાન હાંસલ કરેલા જ્ઞાતિજનોના નામ ત્વરિત શ્રી સમસ્ત મહાજનની ઓફીસે અથવા nationalkdo@gmail.com ઉપર મોકલવા વિનંતી.

સર્વે જ્ઞાતિજનોને પણ એક વિનંતી છે કે તમો એવા કોઇ જ્ઞાતિજનને જાણતા હો, જેઓ રમતગમત, કેળવણી, રાજકારણ, અભ્યાસ, હુન્નર કે અન્ય કોઇ ક્ષેત્રે કોઇ કિર્તીમાન હાંસલ કરેલ હોય તમો તે વ્યક્તિના સગા-સબંધિ, મિત્ર કે ચિરપરિચિત હો તો તે વ્યક્તિનું નામ અને તે બાબત થોડી માહિતી ત્વરિત **9769991922** વોટ્સએપ નંબર ઉપર અથવા/અને nationalkdo@gmail.com ઉપર તા. ૫-૧૨-૨૦૧૮ સુધી મોકલવા વિનંતી.

## કે.ડી.ઓ. રાષ્ટ્રીય લોગો પ્રતિયોગિતા
## K.D.O. NATIONAL LOGO COMPETITION

ચાલો જ્ઞાતિની એક ઓળખ ઉભી કરીએ...

આપણી મુખ્ય સંસ્થાઓ/મહાજનો બધા પોતાના લોગો ધરાવે છે. લોગો તેમની પ્રવૃત્તિઓ, સિધ્ધિઓ, સંસ્થાની ઉમર અને લાક્ષણિકતાઓ દર્શાવતું પ્રતિક છે. શૈક્ષણિક, વૈદ્યકિય, સામાજિક, ધાર્મિક સંસ્થાઓના લોગો તેમની પ્રવૃત્તિઓ કે વિઝનનું રસપાન કરાવે છે.

શ્રી સમસ્ત મહાજન, કચ્છી દશા ઓશવાલ જ્ઞાતિનું એક લોગો સ્થાપિત કરવા ઈચ્છે છે જે આપણી પ્રવૃત્તિઓ, જ્ઞાતિ, સામાજિક દિર્ઘદ્રષ્ટિનું પ્રતિક હોય. One Logo - One Community - One Vision ને સાર્થક કરનાર આ લોગો માટે જ્ઞાતિના વેબ ડીઝાઈનર્સ, કોમર્શિયલ આર્ટિસ્ટ, વિચારકો માટે પોતાની જ્ઞાતિને ''લોગો''માં દર્શાવવા આમંત્રણ આપે છે. આ એક સ્પર્ધા છે જેમાં તમારે નિપુણતા દાખવવાની છે.

જ્ઞાતિનો આ લોગો જ્ઞાતિની દરેક સંસ્થાઓ, મહાજનોના પોતાના લોગો સાથે જ્ઞાતિની અખંડિત એકતા દર્શાવવા પોતાના લેટરહેડ, બોર્ડ કે જે પ્રચાર સામગ્રી હોય તે સાથે છાપશે અને આપણને સૌને પ્રેરણા આપશે.

સમસ્ત મહાજનના ટ્રસ્ટીઓ અને જ્ઞાતિના વરિષ્ઠ શ્રેષ્ઠીવર્યોની ટીમ આવેલ ડીઝાઈનોમાંથી એક નક્કી કરશે. જે આપણી ઓળખ કહેવાશે. પસંદ થયેલ ડીઝાઈનના કર્તાને આગામી સંમેલનમાં પુરસ્કૃત કરવામાં આવશે.

શક્ય છે આગામી સંમેલનની દિવાલો, પંડાલો જ્ઞાતિના નવા લોગોથી શોભતા હશે.

આપ સૌને પોતાની એન્ટ્રી સમસ્ત મહાજનના કાર્યાલયે તા.૫ ડિસેં. ૨૦૧૮ સુધી મળે તે પ્રમાણે મોકલવાની છે અથવા nationalkdo@gmail.com પર મોકલી આપશો.

લી. **શ્રી સમસ્ત કચ્છી દશા ઓશવાલ જૈન મહાજન**
**નિશિથ એ. દંડ** (સેક્રેટરી જનરલ)

# ડુમરા નગરે પંચાન્હિકા મહોત્સવનો પ્રારંભ





ડુમરા નગરે પ.પૂ.મુનિરાજ શ્રી કમલ પ્રભસાગરજી મ.સા. આદિઠાણાની નિશ્રામાં જિન ભક્તિ પર્વના પંચાન્હિકા મહોત્સવની તા.૧૬ નવેમ્બર શુક્રવાર રોજે પ્રથમ દિવસની પૂજા ભણાવાઈ. લાભાર્થી માતુશ્રી ખેતબાઈ લીલાધર ગાલા પરિવાર છે. સકળ સંઘના શ્રાવક શ્રાવિકાઓ અમૂલ્ય લાભ લઈ રહ્યાં છે.












# શ્રી સમસ્ત કચ્છી દશા ઓશવાલ જૈન મહાજનના

# મહાસમિતિની સભા

શ્રી સમસ્ત કચ્છી દશા ઓશવાળ જૈન મહાજનની મહાસમિતિના પ્રતિનિધિઓની એક સભા રવિવાર તા.૨૫-૧૧-૨૦૧૮ સવારના ૧૧.00 કલાકે શ્રી વીરજી લધાભાઈ કે.ડી.ઓ. જૈન વિદ્યાર્થીગૃહ, શ્રી ભવાનજી અરજણ ખીમજી એજ્યુકેશન કેમ્પસ, ત્રીજા માળે, લક્ષ્મી નિવાસ, કામાલેન, કિરોલ રોડ, ઘાટકોપર(વેસ્ટ), મુંબઈ-૪00 0૮૬ ખાતે એકત્ર મળશે, જેમાં દર્શાવેલ કાર્યસૂચિ(અજેન્ડા) મુજબ કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

## કાર્યસૂચિ (અજેન્ડા)

૧. ગત તા.૦૫/૦૮/૨૦૧૮ના મુંબઈ ખાતે સભાની મિનિટ્સનું વાંચન અને બહાલી
૨. સમસ્ત મહાજનના સુધારેલા બંધારણની રજૂઆત ચર્ચા-નિર્ણય અને બહાલી આપવા બાબત
૩. કચ્છ નલિયામાં ૨૩-૨૪-૨૫ ડિસેમ્બર ૨૦૧૮ના યોજાનારા જ્ઞાતિના ચતુર્થ સંમેલનની સેક્રેટરી જનરલ દ્વારા વિસ્તૃત જાણકારી બાબત
૪. સંમેલનમાં મહાસમિતિના સભ્યોની જવાબદારી અંગે સમજણ આપવા બાબત
૫. પ્રમુખશ્રી દ્વારા અથવા તેમની મંજૂરીથી થયેલ રજૂઆત પર ચર્ચા-વિચારણા કરવા બાબત

**શ્રી સમસ્ત કચ્છી દશા ઓશવાળ જૈન મહાજન**

**નિશિથ એ. દંડ (સેક્રેટરી જનરલ)**

નોંધ :

૧. સભાની કાર્યસાધક હાજરી (કોરમ) મહાસમિતિના ૧/૫ સભ્યોની રહેશે. કાર્યસાધક હાજરીના અભાવે મુલ્તવી રહેલી સભા તેજ સ્થળે તેજ દિવસે મુકરર સમયથી એક કલાક પછી મળશે. (જેની નોંધ કાર્યસૂચિમાં જણાવવી પડશે) મજકુર સભામાં કાર્યસાધક હાજરીની જરૂરત રહેશે નહીં પરંતુ તેવી સભામાં કાર્યસૂચિમાં જણાવ્યા સિવાય અન્ય કોઈપણ કામકાજ થઈ શકશે નહીં.
૨. સભાની શરૂઆતમાં કાઉન્ટર ઉપર ચા-કોફીની વ્યવસ્થા રહેશે. બપોરના ૧.00 કલાકે સભા સ્થળે ભોજનનું આયોજન રહેશે.
૩. સમસ્ત મહાજનના સુધારેલા બંધારણની કોપી ટૂંક સમયમાં જ આપશ્રીને પહોંચાડવામાં આવશે તેના ઉપર આપશ્રીના સુઝાવો/સૂચનો મોડામાં મોડા તા.૨૦/૧૧/૧૮ સુધી અમને કાર્યાલયમાં મળી જાય તે રીતે મોકલી આપવાના રહેશે. ત્યારબાદ મળેલ સુઝાવો/સુચનોને મહાસમિતિને સભામાં ચર્ચા માટે લેવામાં આવશે નહીં.
૪. સભામાં આપની હાજરીની વ્હોટ્સ એપ મેસેજ/ફોન દ્વારા જાણ કરશોજી.

# S.M. REQUIRE IT VOLUNTEERS FOR SAMMELAN WORK

**SAMAST MAHAJAN REQUIRES IT VOLUNTEERS FOR SAMMELAN RELATED WORK ON WEEKDAYS BETWEEN 4 TO 8 PM WITH THEIR LAPTOPS.**

**KINDLY CONTACT :**

**SAMAST MAHAJAN OFFICE**

## MOB. NO.: 97699 91922

---

## સમસ્ત મહાજનને જરૂરત છે IT વોલિયન્ટરોની જ્ઞાતિ સંમેલન કાર્ય માટે

સમસ્ત મહાજનને જ્ઞાતિ સંમેલનના કાર્ય માટે IT વોલિયન્ટરોની જરૂરત છે. જેઓ પોતાના લેપટોપ પર ૪ થી ૮ દરમ્યાન કામ કરી શકે.

**સંપર્ક : સમસ્ત મહાજન ઓફીસ**

**મોબાઈલ નં. ૯૭૬૯૯૯૧૯૨૨**

॥ શ્રી મહાવીરાય નમઃ॥ ॥ શ્રી સુવિધીનાથાય નમઃ॥ ॥ શ્રી આદીનાથાય નમઃ॥

# શ્રી કચ્છી દશા ઓસવાલ જૈન જ્ઞાતિ જખૌ મહાજન (રજીસ્ટ્રેશન નંબર A 1106 (કચ્છ) તા. ૨૮-૯-૬૬)

હેડ ઓફીસ : શ્રી રત્નટુંક જૈન દેરાસર, જખૌ,તા. અબડાસા, (કચ્છ)-૩૭૦૬૪૦ : ફોન : (૦૨૮૩૧) ૨૮૭૨૨૪

## વાર્ષિક સામાન્ય સભા(A.G.M.)

**શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ જખૌ મહાજન સભ્યો જોગ,**

જય જીનેન્દ્ર સાથે જણાવવાનું કે મહાજનશ્રીની વાર્ષિક સામાન્ય સભા **શનિવાર તા. ૦૮-૧૨-૨૦૧૭**, સાંજના ૬.૩૦ કલાકે **લાયનસ કલબ ઓફ મુલુંડ**, વી. પી. રોડ, મુલુન્ડ (વેસ્ટ), મુંબઇ -૪૦૦ ૦૮૦. ખાતે રાખવામાં આવેલ છે.

**એજન્ડા : કાર્યસુચી :-**

૧) ગત મિનિટસનું વાંચન અને બહાલી
૨) મહાજન ના વર્ષ ૨૦૧૭-૨૦૧૮ ના ઓડીટેડ હિસાબોની રજુઆત અને મંજુરી
૩) શ્રી રત્નટુંક જૈન દેરાસર, જખૌ ટ્રસ્ટના વર્ષ ૨૦૧૭-૨૦૧૮ ના ઓડીટેડ હિસાબોની રજુઆત
૪) મહાજન ના વર્ષ ૨૦૧૮-૨૦૧૯ ના ઓડીટર નિમણુક બાબત
૫) આ વર્ષમાં થયેલ કામકાજ બાબત ચર્ચા - વિચારણા
૬) પ્રમુખશ્રીની મંજુરીથી અન્ય વિષયોપર ચર્ચા - વિચારણા

શ્રી કચ્છી દશા ઓસવાલ જૈન જ્ઞાતિ જખૌ મહાજન વતી **પ્રમુખ શ્રી : કાંતિલાલ કરમશી વિકમશી**

**લી. માનદમંત્રીઓ : જયંતીલાલ દેવશી મૈશેરી - ચાંપસી ડુંગરશી હેકા**

**નોંધ : વર્ષ ૨૦૧૭-૨૦૧૮ મહાજન તેમજ ટ્રસ્ટનાં હિસાબી ચોપડા (ઓડીટેડ) હેડ ઓફીસ : શ્રી રત્નટુંક જૈન દેરાસર, જખૌ, મધ્યે મહેતાજીને લખાણમાં આપી અને શુક્રવાર તા. ૩૦-૧૧-૨૦૧૮ સુધી જોઇ શકો છો.**

નોંધ : કોરમના અભાવે મુલત્વી રહેલ સભા અડધા કલાક બાદ તેજ સ્થળે મળશે. તેમાં કોરમની જરૂરત રહેશે નહીં.

## : યાત્રા પ્રવાસ : ૨ રાત્રી ૨ દિવસ : સાપુતારા, વણી, દેવલાલી

જાન્યુઆરી શુક્રવાર તા. ૪-૧-૨૦૧૮ ના રાત્રે ૧૧.૩૦ કલાકે અતીથી હોટલ, મુંલુડ (વેસ્ટ) સ્ટેશન પાસે થી (**૨x ૨ એ.સી બસ**) દવારા ઊપડશે.
શનિવાર તા. ૫-૧-૨૦૧૮ સાપુતારા દર્શન- સેવા - પુજા, સાઇટસીન, રાત્રી રોકાણ
રવિવાર તા. ૬-૧-૨૦૧૮ સાપુતારા દર્શન- સેવા - પુજા, નવકારશી, વણી દર્શન, નાસીક, દેવલાલી દર્શન, ચોવીહાર પ્રસથાન
મુબંઇ આગમન રાત્રે ૧૦.૦૦ કલાકે

વહેલો તે પહેલાનાં ધોરણે ૧ બસનાં નામ લખવામાં આવશે.

**Contact : Jayantilal Meisheri - 98197 48250**

## જ્ઞાતિમૈયાના જૂના અંકો જોવા-વાંચવા માટે જુઓ

## www.kdosamastamahajan.org




**આમાં છેલ્લામાં છેલ્લો અંક ઉપરાંત અગાઉના બધા અંક જોવા-વાંચવા મળશે**

**પીડીએફ નકલ ડાઉનલોડ કરી પ્રિન્ટ હાથ વગી કરી શકશો**

| જ્ઞાતિમૈયામાં ડિઝીટલ મેગેઝીનમાં જાહેરાતોના દરો | | | | | | |
|---|---|---|---|---|---|---|
| પ્રકાર | સાઈઝ | ૧ વખત | ૪ વખત/૧ મહિના | ૧૩ વખત/૩ મહિના | ૨૬ વખત/૬ મહિના | ૫૨ વખત/૧૨ મહિના |
| આખું પાનું | 155 x 225 mm | 1,000.00 | 3,500.00 | 10,000.00 | 18,000.00 | 35,000.00 |
| અડધુ પાનું | 155 x 110 mm | 800.00 | 3,000.00 | 9,000.00 | 15,500.00 | 30,000.00 |
| પા પાનું | 75 x 110 mm | 500.00 | 1,800.00 | 5.500.00 | 10,500.00 | 20,000.00 |

ચેક SHRI SAMASTA KUTCHI DASA OSWAL JAIN MAHAJAN ના નામે લખવા


આશ્વ એથનિક્સ
પ્રસંગ પરિધાનનું મથક
શેરવાની • કુર્તા • જેકેટ્સ • સુટ
પુરૂષોની પ્રથમ પસંદગી
ગ્રાહકની ઈચ્છા માંગ અને
જરૂરિયાત અનુરૂપ
પૌરૂષત્વને નિખારતું પરિધાન
એકવારની મુલાકાત –
સદાયનો થશે સંગાથ
ફેક્ટરી આઉટલેટ
બી–૫૭, શાંતિ ઈન્ડસ્ટ્રીઝ,
સરોજીની નાયડુ રોડ,
તાંબેનગર,
મુલુંડ(વેસ્ટ)
વિશિષ્ટતા
કસ્ટમાઈઝડ
ડિઝાઈન
સમય : સવારે ૧૧.૩૦ થી ૮.૦૦
(ગુરૂવારે બંધ)
વધુ વિગત માટે સંપર્ક
Call : 8169873626
ખાસ વિશિષ્ટતા
ચુડીદાર સુટ, શેરવાની સુટ અને ધોતી સુટ, સ્પે.રાજનીતિ મોદી સુટ



# શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન જ્ઞાતિ મહાજન, મુંબઈની વાર્ષિક-સામાન્ય સભા મંગળવાર તા.૨૦ નવેમ્બર ૨૦૧૮ના રોજ મસ્જિદ બંદર, મુંબઈ ખાતે

શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન જ્ઞાતિ મહાજન, મુંબઈની એક **સામાન્ય સભા સંવત ૨૦૭૫ના કારતક સુદ ૧૩ના મંગળવાર તા. ૨૦-૧૧-૨૦૧૮ના સાંજના ૬.૩૦ શ્રી અનંતનાથજી મહારાજ જૈન દેરાસરજી**ના ઉપાશ્રયમાં નીચે દર્શાવેલ કાર્યસૂચી પર **વાર્ષિક-સામાન્ય સભા**માં ચર્ચા વિતારણ અને નિર્ણય લેવા બાબત એકત્ર થશે.

## કાર્યસૂચી

૧. ગત તા. ૧૮-૦૯-૨૦૧૮ ની સભાની કાર્યવાહીનું વાંચન અને બહાલી.

૨. શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન મુંબઈ વ્યવસ્થાપક સમિતિની સભામાં સર્વાનુ મતે મંજુર કરવામાં આવેલ વર્ષ ૧૬-૧૭-૧૮-૧૮ અન્વેષિત (Audited) હિસાબોને મંજૂરી આપવા બાબત.

૩. શ્રી અનંતનાથજી મહારાજ જૈન દેરાસર અને તેના સાધારણ ફંડો ના સર્વાનું મતે મંજુર કરવામાં આવેલ વર્ષ ૨૦૦૭, ૨૦૦૮, ૦૮-૦૯, ૦૯-૧૦, ૧૦-૧૧,૧૧-૧૨, ૧૨-૧૩, ૧૩-૧૪, ૧૪-૧૫, ૧૬-૧૭ના અન્વેષિત (Audited) હિસાબોને મંજુરી આપવા બાબત.

૪. પ્રમુખશ્રી મંજુરીથી કે તેમના દ્વારા જે રજુઆત થાય તે.

એજ.લિ.

**શ્રી ક.દ.ઓ.જૈન જ્ઞાતિ મહાજન મુંબઈ** વતી

**રમેશ હીરજી લોડાયા, ચેતનકુમાર ખીમજી મોમાયા**

*(માનદ મંત્રી)*

## નોંધ : -

૧. સભાના મુકરર થયેલ સમયથી અડધા કલાકની અંદર કાર્યસાધક હાજરી ન થાય તો તે સભા બંધારણની કલમ ૧૨ (૧) મુજબ મુલત્વી રહેલી સભા અડધા કલાક બાદ તે જ સ્થળે મળશે.

૨. મુલત્વી રહેલી સભામાં કાર્યસૂચી ઉપર દર્શાવેલ કાર્યો જ હાથ ધરી શકાશે. પ્રમુખશ્રી તરફથી કે તેમની સંમતિથી અથવા કોઈ રીતે નવીન કાર્યો હાથ ધરી શકાશે નહીં.

૩. (ઓડિટેડ) અન્વષિત હિસાબોની નકલ મહાજનશ્રીની અને ટ્રસ્ટની ઓફિસમાં જોવા માટે ઉપલબ્ધ છે. સમય બપોરના ૩.૦૦ થી ૫.૦૦ દરમ્યાન સંપર્ક કરવો. ટ્રસ્ટ અને મહાજનના હિસાબો બાબત તા. ૧૭-૧૧-૨૦૧૮ ના સાંજના ૫.૦૦ વાગ્યા સુધી આવેલા લિખિત પ્રશ્નોનાજ ખુલાસા સામાન્ય સભામાં આપવામાં આવશે તેની નોંધ લેશાજી.

# ચતુર્થ જ્ઞાતિ સંમેલનના પ્રચાર માટે કચ્છના વિવિધ સ્થળોએ વેગભેર ઝૂંબેશ ચલાવાઈ








આગામી મહિને નલિયા નગરે થનાર ચતુર્થ જ્ઞાતિ સંમેલનની તૈયારીઓ વેગભેર થઈ રહી છે. કચ્છના ગામેગામમાં સમસ્ત મહાજનનો હલો નલિયાનો સંદેશો પહોંચાડવા સાર્વજનિક સ્થળોએ બેનર વગેરે લગાડવા ખંતપૂર્વક જ્ઞાતિ કાર્યકરો જહેમત ઉઠાવી રહ્યાં છે. અબડાસા તાલુકાના વિવિધ ગામો, આદિપુર, ગાંધીધામ, ભુજ વગેરે નગરોએ આ ઝૂંબેશ ચલાવાઈ રહી છે. આમાં સમસ્ત મહાજનના ટ્રસ્ટીશ્રીઓ અરવિંદભાઈ લાલજી લોડાયા ગાંધીધામ તથા શ્રી નિલેશભાઈ પોલડીયા-બાયઠ અને શ્રી ભદ્રેશભાઈ પટેલ, શ્રી ભવાનજી માણેકજી લોડાયા, શ્રી જયેશ મણિલાલ મોમાયા, શ્રી કલ્પેશ પ્રેમચંદ મોમાયા, શ્રી પ્રેમચંદ શામજી મોમાયા, શ્રી ભાવિન દિલીપ લોડાયા જેવા જ્ઞાતિ પ્રેમીઓ જોડાયા હતા અને જહેમતપૂર્વક પ્રચારને વેગવંતુ બનાવ્યું હતું.

**જ્ઞાતિમૈયા માટે આપના વ્યક્તિગત તેમજ સંસ્થાકીય સમાચારો ફોટા સાથે મોકલાવો**

**Email : gyatimaiya2018@gmail.com**

**Whats App : 9769991922**

**Read E-Paper @ www.kdosamastamahajan.org**

**Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan**
**B-2, Krishana Kunj, V.L.Road, Mulund (West) Mumbai - 400 080.**

## બેંક અકાઉન્ટની વિગત

**For NEFT Transfer**

| | |
|---|---|
| Type of Account | :Saving |
| Account Number | : 002001005497 |
| Name of the Bank | :Shri Arihant Co-op. Bank Ltd. |
| Branch | :Mulund (West), Mumbai - 400 080. |
| Name Account | :Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan |
| For Mobile App Transfer | |
| Our IFSC Code | :ICIC00ARIHT |

**પૈસા મોકલ્યા પછી બેન્કનો રેફરન્સ નંબર, રકમ તથા તારીખની વિગત અલગથી મોકલવી.**

Draw your cheque in the name of **'Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan'** (and payable at par at Mumbai)

**ચેકથી જાહેરાત ભરનારાઓને ચેક 'Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan' ના નામથી મોકલવો. ચેક at par મુંબઈ હોવા જોઈએ.**

# જ્ઞાતિ સંમેલનની સફળતા માટે ગાંધીધામ મહાજને મિટીંગ કરી





નલિયા ખાતે આગામી માસે યોજાનારા જ્ઞાતિ સંમેલનમાં ગાંધીધામ મહાજનશ્રીનું પ્રતિનિધિત્વ કરતાં હાજર રહેનાર સભ્યોની એક મિટીંગ મળી હતી. જેમાં જ્ઞાતિ સંમેલનને સર્વાંગી સફળતા મળે એ માટે વિશદ પણે ચર્ચા વિચારણા કરાઈ હતી અને શેઠશ્રી ભવાનજી અરજણ ખીમજી નગર નલિયા, અબડાસા, કચ્છનું આ સંમેલન સર્વ રીતે સફળ થાય એ માટે સૌએ ખભે ખભા મેળવી સહકાર આપે એ ભાવના વ્યક્ત કરી હતી.





# સંમેલન શા માટે નહીં? - રાજેન્દ્ર મણીલાલ ખોના

**તૃતીય સંમેલનના પ્રમુખશ્રી**



ટૂંક સમયમાં સંમેલન કચ્છ મુકામે થવા જઈ રહ્યું છે. જેના માટે પણ અંતઃ તૃતીય સંમેલન ખૂબ જવાબદાર છે. કારણકે તૃતીય સંમેલનના સમાપન પ્રસંગે આગામી સંમેલન કચ્છમાં ભરવું એવી ભાવના સાથે સર્વે જ્ઞાતિજનો છુટા પડ્યા હતા. જ્ઞાતિ શિરોમણી શેઠશ્રી નરશી નાથાના જન્મ સ્થાન નલિયાએ આ બીડુ ઝડપતાં આપણને નલિયા મુકામે એકત્ર થવાનું સદ્‌ભાગ્ય પ્રાપ્ત થયું છે.

તૃતીય જ્ઞાતિ સંમેલન ૧૯૯૧ને આજે ૨૭ વર્ષના વહાણા વાઈ ચુક્યા છે. એક આખી પેઢી બદલાવાના આરે આવીને ઊભી રહી ગઈ છે. આ અગાઉ જ્ઞાતિએ આઠ-આઠ, દસ-દસ વર્ષના લગાતાર દુષ્કાળો પણ જોયા છે. અને દેશ દેશાવર તથા મુંબઈના મહાજનો અગ્રેસર થઈ પોતાનું સહભાગ પાઠવ્યો છે. આપણા જ્ઞાતિજનો હસ્તકના તથા આપણી પાંજરાપોળોમાં ઢોરોની સંખ્યા ઘણીજ ઘટી ગઈ છે, અને તેને સુચારૂ રીતે ચલાવવા આપણી જ્ઞાતિની સંસ્થાઓનું કચ્છમાં વહીવટ કરનારા ખૂબજ સક્ષમ છે. તથા તેમને મજબૂત રીતે સહાયભૂત થવા આપણે સંમલનમાં યથાર્થ રીતે નક્કી કરશું માટે સંમેલન થવું અત્યંત જરૂરી છે.

સંમેલન એક એવું મંચ છે, જ્યાં જ્ઞાતિજનો પોતાની રીતે પોતાની વાતો રજૂ કરી શકે તેના માટે યથાર્થ દલીલો કરી શકે અને તે વાતને પરિપૂર્ણ રીતે જ્ઞાતિના ઉપયોગમાં જોડી શકે. આવા વાતાવરણની અંદર જ્ઞાતિના નવોદિતોને પોતાની વાતો રજૂ કરવા માટેનું મહત્વનું પ્લેટફોર્મ એટલે સંમેલન છે એટલે સંમેલન ભરવું, સંમેલન ભરવા માટે સહયોગ કરવો તથા સંમેલનમાં હાજર રહેવું એ દરેક જ્ઞાતિજનોની પવિત્ર ફરજ છે.

આ સંમેલનમાં ઉપસ્થિત રહીને થનારા સંમેલન બાબત જ્ઞાતિ ઉપયોગી સુઝાવો મુકીને આ સંમેલનના કાર્યો માટે પોતાથી થાય એટલો શ્રમ કરીને શારીરીક યોગદાન આપીને એનો પ્રચાર કરીને પણ આપણે અનુમોદના કરી શકીએ છીએ. આ અનુમોદનાથી આપણું આવશ્ય શુભકર્મ બંધાય છે.

સંમેલનમાં પહોંચવા માટે અનેક વ્યવસ્થાઓ સંમેલનના યજમાન મહાજનના શ્રેષ્ઠીઓ કરી રહ્યાં છે. બાકી પોતાના સ્થાનથી કચ્છ સુધી પહોંચવા માટે સર્વે પોતાના પ્રયત્નો કરવાના છે. તો સંમેલનમાં પહોંચવાનું પહેલા મન બનાવો અને પ્રયત્ન કરો.

આશા છે આ વાતને ગહનતાથી સ્વીકારી આપ સર્વે સંમેલનમાં પધારવાની પોતાની પ્રતિબધ્ધતા નક્કી કરો અને પ્રત્યેક મહાજનોને વિનંતી સંમેલનમાં આવવા ઈચ્છતા તમામ જ્ઞાતિજનોને યથાર્થ પ્રતિનિધિ કે નિરીક્ષક તરીકે મોકલવા મદદરૂપ થશે.

હવે આપણે અગાઉના સંમેલનો ઉપર એક વિશાળ દ્રષ્ટિ નાંખીયે આપણી જ્ઞાતિનું પ્રથમ સંમેલન આઝાદી પ્રાપ્તિના બે મહિનામાં જ મુંબઈમાં યોજાયું. જેનું પ્રમુખ સ્થાન મૂળ ગામ તેરા નિવાસી શેઠશ્રી ભવાનજી અરજણ ખીમજીએ લોકલાગણીને માન આપીને સંભાળ્યું. આઝાદીનો સાંપ્રત કાળ હતો, હજી ભારત પોતાના અસ્તિત્વની પાપા પગલી માંડી રહ્યો હતો. એ તંગ કાળમાં શેઠશ્રી કોંગ્રેસ તથા શાસનના કાર્યોમાં ખૂબજ વ્યસ્ત હતા એટલે જ્ઞાતિ મોવડીઓએ તેમને જે રીતે દોર્યા એ રીતે દોરાયા હતા.

આ રીતે પ્રથમ સંમેલનમાં કુલ ૨૭ ઠરાવો સર્વાનુમતે પસાર કરવામાં આવ્યા જે વિગતવાર જેના રજૂકર્તા તથા તેને ટેકો આપનારના નામ સહિત જ્ઞાતિમૈયા અંક ૧૯ તા.૨૦ ઓક્ટોબરથી ૨૬ ઓક્ટોબરના અંકમાં પ્રકાશિત કરવામાં આવ્યા છે. આ રીતે એ ઠરાવોના અન્વયે પ્રથમ સંમેલનની ફળશ્રુતિ રૂપે મધ્યસ્થ મહાજન અસ્તિત્વમાં આવ્યું તથા કાર્યરત થયું. ઈ.સ.૧૯૫૦માં ભારતનું બંધારણ ઘડાઈને તૈયાર થયું જેના પર પંડિત જવાહરલાલ નહેરૂ, ડૉ.ભીમરાવ આંબેડકર જેવા મહાનુભાવોની સાથે શેઠશ્રીના પણ હસ્તાક્ષર છે. તે વાત જ્ઞાતિ

# સંમેલન શા માટે નહીં? – રાજેન્દ્ર મણીલાલ ખોના

માટે ખૂબજ ગૌરવ અપાવનારી છે. ત્યારપછી યોજાયેલ સંસદની પ્રથમ ચૂંટણીમાં શેઠશ્રી કચ્છની બેઠક ઉપરથી સાંસદ ચૂંટાયા. કચ્છની સીટ ઉપરથી શેઠશ્રી લાગલગાટ બે ટર્મ સુધી એટલે કે દશ વર્ષ સુધી સંસદમાં પોતાની સેવા આપી. એક તરફ શેઠશ્રીની વ્યસ્તતા રાષ્ટ્રીય નેતા તરીકે વધતી ચાલી. તે સાથે સાથે શેઠશ્રીનું ધ્યાન મધ્યસ્થ મહાજનના રોજબરોજના કાર્ય પરથી ઓછું થતુ ગયું. શેઠશ્રીની જ્ઞાતિ માટે કાંઈને કાંઈ કરી છૂટવાની અદમ્ય ઈચ્છા હતી પણ જ્ઞાતિના તે સમયના મોવડીઓ શેઠશ્રીના કદમથી કદમ તાલ મિલાવી શક્યા નહિ અને ધીમેધીમે પાછળ રહેતા ગયા. પ્રથમ સંમેલનમાં અસ્તિત્વમાં આવેલ મધ્યસ્થ મહાજન પોતાના કાર્યભારનો મધ્યાન્હ જોયા વગર જ ક્યારે અસ્તાચળે પહોંચી ગયો એની જ્ઞાતિને ખબર સુધા પડી નહિ.

(અગાઉના ત્રણ અંકમાં છપાયેલ લેખનો સારાંશ... હવે આગળ વાંચો...)

આપણે આગળ જોયું તેમ વધુ અભ્યાસસાર્થે મુંબઈ તરફ વિદ્યાવાચ્છુંકોનો પ્રવાહ કચ્છ તથા દેશદેશાવરથી વધતો ચાલ્યો. તેમને સમાવવા માટે આપણી પાસે ૫૦ વર્ષ જૂની શેઠશ્રી ખેતશી ચત્રભોજ ખીંયશી અજાણી શ્રી કચ્છી દશા ઓશવાળ જૈન પાઠશાળા તથા ૪૦ વર્ષ જૂની શેઠશ્રી વીરજી લધાભાઈ વિદ્યાર્થીગૃહ સક્ષમ હતા. બોર્ડિંગમાં અન્ય ક્ષેત્રથી આવતા વિદ્યાર્થીઓ રહી શકતા, ત્યાં તેમના રહેવા, ખાવાપીવાની ઉચિત વ્યવસ્થાઓ હતી તથા પાઠશાળામાં ધોરણ ૮ થી એસ.એસ.સી. સુધી તેમને વિદ્યાભ્યાસ પ્રાપ્ત થતો હતો. તે રીતે પ્રથમ સંમેલનમાં રચાયેલ શિક્ષણ પ્રસારક સમિતિ પણ હવે પાપા પગલી ભરી રહી હતી. આજકાળમાં આઝાદીનો જોશ ધરાવતા કેટલાક યુવાનો આપસમાં અવારનવાર મળવા લાગ્યા. તેમના મસ્તિકમાં તથા હૃદયમાં કંઈક અવનવું કરવાની તાલાવેલી હતી. આ રીતે શ્રીમાન શીવજીભાઈ કુંવરજી વિક્રમશીના અધ્યક્ષપદે ૧૯૫૩માં શ્રી કચ્છી દશા ઓશવાળ વિદ્યાર્થી સંઘની સ્થાપના થઈ. જે સંસ્થાએ આગળ વધતા ખૂબજ કીર્તિમાનો સ્થાપિત કર્યા. આગળ જતાં આ સંસ્થાએ જ્ઞાતિમૈયાના ચરણોમાં અનેકવિધ કાર્યકરો તથા દક્ષ નેતાઓની ભેટ ધરી. આજેપણ મુંબઈમાં અગ્રગણ્ય જ્ઞાતિજનો વત્તે ઓછે અંશે વિદ્યાર્થી સંઘની ભેટ છે.

વિદ્યાર્થીસંઘની કાર્યવાહી આગળ વધતા જ્ઞાતિ અગ્રણી અને શિક્ષણપ્રેમી શેઠશ્રી લક્ષ્મીચંદ લાલજી રામજી આ સંસ્થાના કાર્યકર્તાઓનું ખમીર પારખી તેમની સાથે સહકાર કરવા આગળ આવ્યા અને વિદ્યાર્થી સંઘને લાલજી રામજી બુક બેન્કની ભેટ મળી. લક્ષ્મીચંદશેઠે તેને એવી મજબૂતી આપી કે તે આજે પણ ચાલી રહી છે. આ બેન્કે જ્ઞાતિના યુવાધનને નવામા નવા પુસ્તકો અલ્પ શુલ્કથી એક વર્ષના અભ્યાસક્રમ માટે વાંચવા આપી તેમને સહાયભૂત થઈ છે. તે સમયે આ સંસ્થાને મજબૂત કરવા શ્રી ઠાકરશી મેઘજી ગોશર, શ્રી વીરચંદ લાલજી મુનવર, શ્રી પાશ્વીર ડાહ્યાલાલ ખોના, શ્રી પ્રવિણ દેવજી ખોના, શ્રી ધનપતિ ભદ્રીચંદ નાગડા આદિ મહાનુભાવોનો શ્રેષ્ઠ ફાળો રહ્યો હતો. આ તમામ વ્યક્તિઓ પ્રથમ સંમેલન વખતે કુમાર અવસ્થામાં હતા અને પોતાના વડીલો, જ્ઞાતિના આગેવાનો તથા અન્ય અગણિત કાર્યકરોને ઉત્સાહભેર કામ કરતા જોઈ પ્રેરિત થયા હતા.

એટલે આપણે ક્યારે પણ એમ ન કહી શકીએ કે જ્ઞાતિ માટે પ્રવૃત્તિઓ ન થવી જોઈએ અને આવી જ એક પ્રવૃત્તિ સમયાંતરે ભરાતા જ્ઞાતિસંમેલનો છે.

૧૯૫૫ની સાલ સુધી આપણી જ્ઞાતિમાં ૫ થી ૭ મોટી પેઢીઓ કપાસના ધંધામાં સક્રિય હતી. મોટા ભાગના જ્ઞાતિજનો આ ધંધા સાથે નોકરીરૂપે, મેનેજમેન્ટરૂપે કે દલાલી કે આડતિયા (કમિશન એજન્ટ)ની રીતે સંકળાયેલા હતા. બહુ જ છુટાછવાએલા જ્ઞાતિજનો મરીમસાલા સૂકામેવા, કાથી અને કાથીની બનાવટો સાથે સંકળાયેલા હતા. કાળક્રમે કપાસનો ધંધો ઘસાતો ચાલ્યો રૂપિયાની કિંમત વિદેશી ચલણો સામે ઘટવા લાગી અને ધંધાઓમાં પરિવર્તનનો એક દોર શરૂ થયો. આ કાળમાં ધીમેધીમે દશા ઓશવાળોની પેઢીઓ પાછળ પડવા લાગી. દશા ઓશવાળોએ પોતાની ગરિમા જાળવી રાખતા પરિવર્તનના દોરને સાચવ્યો અને હિંમત ભેર આગળ વધવા કમ્મર કસી.

(ક્રમશ ....વધુ આવતાં અંકે)

# ચતુર્થ સંમેલન માટે જ્ઞાતિજનોના મંતવ્યો

## દરેક સંમેલનની સફળ ફળશ્રુતિ જ્ઞાતિને મળી છે



વિતેલા સમયમાં જ્ઞાતિના ત્રણ મહા સંમેલન યોજાઈ ગયા છે. હવે આગામી ડિસેમ્બરમાં ચર્તુથ સંમેલન યોજવાની ભવ્ય તૈયારીઓની તડામારી તૈયારીઓ શરૂ છે. આમ જોઈએતો અમુક ઠરાવિક સમયે ફરજીયાત જ્ઞાતિ સંમેલન યોજવા જ જોઈએ. અગાઉના સંમેલનોની ફળશ્રુતિ માંડીએ તો પ્રથમ જ્ઞાતિ સંમેલનથી શિક્ષણક્ષેત્રમાં સિદ્ધિઓ મળી. પ્રગતિ થઈ. બીજા જ્ઞાતિ સંમેલન પછી જ્ઞાતિની આવગી બેંક મળી. અર્થ અને વ્યાપારક્ષેત્રે એકબીજાથી સંપર્ક વધયા તો તૃતીય જ્ઞાતિ સંમેલનને લીધે વિભાગીય એકમો નિર્માણ કરી વિવિધ પ્રાંતીય ક્ષેત્રો નક્કી કરાયા. જેથી જ્ઞાતિ મહાજનના વહીવટ વિચારમાં દરેક એકમો પોતાની રીતે સક્રીય થયા. હવે ચર્તુથ સમંલનમાં સમય અનુરૂપ વિચારો વલણનો પડઘો પાડી અને પ્રગતિ પંથે આગળ વધીએ.

**- જસ્મીન છેડા-મુલુંડ**

## જ્ઞાતિ સંમેલન દરેક પેઢીનો પડઘો પાડે છે

જ્ઞાતિ સંમેલન એ જ્ઞાતિના વિવિધ વર્ગ-પેઢીનો પ્રતિબિંબ પાડે છે. યુવા, મહિલા, વડીલવર્ગ આમ સર્વે વિભાગના વિચારો અને વલણનું પ્રતિનિધિત્વ કરી તેમને સક્રિય રીતે સામેલ કરે છે. સૌ આ સંમેલનમાં સક્રિય રીતે ભાગ લેવો જોઈએ અને રસપૂર્વક એની કાર્યવાહીમાં સામેલ થવું જોઈએ જેથી આપણા વિચારોનો પડઘો એની કાર્યવાહીમાં ઉભરી આવે.

**- મનાલી મનિષ લોડાયા - મોટી ખાવડી (ડોંબિવલી)**



## જ્ઞાતિ સંમેલન ધર્મ અને કર્મની વ્યાખ્યા પુરી પાડે છે



જ્ઞાતિ સંમેલન માટે પૂર્વ તૈયારી સફળ ટીમ સાથે થનગનાટ યુવા સુકાની જે જ્ઞાતિ માટે કશુંક કરી છૂટવાની ભાવના સાથે આગળ વધી રહ્યાં છે અને જ્ઞાતિ તરફથી સહકાર પણ મળી રહ્યો છે. રહી વાત જીવદયાની તો થોડીક સાદાઈથી અને સાથે જીવદયા તરફ લક્ષ આપવામાં આવે તો આ કઠીન સમય પાર પડી જાય અને સંમેલન પણ સફળ થાય એવી આશા સાથે શુભેચ્છા.

**- ઉમેશ ધીરજલાલ ધરમશી - ગોરખડી(ડોંબિવલી)**

## સંમેલન જ્ઞાતિમાં નવી હવા, નવા વિચાર લાવવા માટે જરૂરી છે

જ્ઞાતિ માટે સમયાંતરે સંમેલન મળવું જરૂરી છે. સંમેલનની કાર્યવાહીથી જ્ઞાતિના નીતિ નિયમોમાં સમય પ્રમાણે મોવડીઓના મંતવ્યોથી ફેરફાર આવે છે, પરિવર્તન થાય છે જેથી જ્ઞાતિજનોમાં પણ પોતાના વિચારો, સૂચનો આમ સંકળાય છે. મહાજન વિવિધ ઠરાવો દ્વારા પણ જ્ઞાતિજનોનો પ્રતિઘોષ પૂરો પાડે છે જે જરૂરી છે. આ માટે અમુક સમયના અંતરે વિવિધ સ્થળે જ્ઞાતિ સંમેલન નિયમિત યોજાય એ જરૂરી છે.

**- મનિષ રતિલાલ લોડાયા-મોટી ખાવડી (ડોંબિવલી)**



# ચતુર્થ સંમેલન માટે જ્ઞાતિજનોના મંતવ્યો

# अच्छी सोच के साथ चलेंगे तो अच्छा ही होगा



प्रकाश समीक्षा के ५ नवंबर के अंक में तंत्री समीपे समस्त महाजन के सेक्रेटरी जनरल की मुलाकात पढ़ने मिली पढ़कर निशीथ भाई के बारे में जो तथ्य दिए हैं वह वास्तव में प्रेरणा दायक हैं KDO का एक युवा जो 40 वर्ष का है समाज में कुछ कर गुजरने की दृढ़ इच्छाशक्ति के साथ निकल पड़ा है गांव गांव घुमकर लोकजागृति ला रहा है जिसे भरत सेठ,तिलक सेठ जैसे समाज संरक्षक का साथ मिल रहा है। बड़ी उम्मीदें लेकर यह युवा समाज बदलने चल पड़ा है जरूरी है उसे हमारे सहकार की, B TO B मिट,स्वास्थ्य का क्षेत्र हो या उद्योग,शिक्षा सब पर इसकी पैनी नजर है यह युवाओं को बदलने अकेला निकला था लोग जुड़ते गये कारंवा बनता गया सफलता मिलेगी नहीं मिलेगी यह तो समय बतायेगा पर हमारी सोच पोजेटिव होनी चाहिये आशाओं पर दुनिया टिकी है हम साथ देंगे तो असम्भव भी सम्भव हो जाएगा।

समाज को कुछ देना है देने के लिए कुछ करना है यह भावना हम सबमें जबतक नहीं होगी हम पिछड़े ही रह जाएंगे।बड़ी उम्मीदों के साथ कच्छ नलिया में ज्ञाति मेला भर रहा है सफलता या उसकी फ़लश्रुति क्या होगी उसका विचार अभी बेमानी है, जो होगा अच्छा ही होगा यह सोच हम सबकी होनी चाहिए, कुछ प्रतिक्रिया हो सकती है पहले क्या हुआ जो आगे होगा या अनावश्यक पैसों की बर्बादी है या कुछ लोग बड़ा बनने यह कर रहें हैं आदि आदि।आज जो विचार हमें आरहें हैं रायपुर सम्मेलन में क्यों नहीं आये? क्योंकि तब भी हमारे मन में समाज के प्रति अच्छी सोच के साथ कार्य करने की लालसा थी तो आज भी मूलचंद भाई में यही लालसा है।

मुझे अच्छा लगता है जब समाज के युवाओं को आगे बढ़ते देखता हूं रायपुर के युवा अमित मैशेरी, अमित जीवाणी, हेमल शाह, नितेश भाविक, धवल शाह, जिगर ने जब कुछ कर गुजरने की ठानी तो कर के दिखाया आज यह एवं रायपुर के अन्य युवाओं ने प्रयास किया तब तो सफल हुए कुछ करते ही नहीं यह सोच के बैठ जाते कुछ नहीं हो सकता तो आज जिस ऊंचाइयों पर वे खड़े हैं खड़े रह पाते? नहीं, तो हमें भी यही सोच आगे बढ़ना है बस एक ही बात ठानकर चलना होगा समाज के लिये कुछ तो करना ही है सफलता असफलता सब कर्मो पर छोड़ कर चलना होगा।

इस सम्मेलन की एक विशेषता है इसमें छोटे बड़े सबके लिये कुछ न कुछ है युवाओं के भविष्य के लिए रोजगार व्यापार उधोग शिक्षा बाबत चर्चा होगी तो महिलाओं के स्वरोजगार गृह उद्योग,सशक्तिकरण करण बाबत विचार होगा सबका लक्ष्य एक ही होगा समाज को आगे बढ़ना है पोजेटिव सोच के साथ जैसे 1951 में कुछ लोगों ने एक नई राजनैतिक सोच के साथ जनसंघ की स्थापना की उन्हें सफलता 1998 में जाकर मिली अगर वे भी यह सोचकर प्रयास छोड़ देते की कुछ नहीं हो सकता तो आज मोदीजी PM नहीं बन पाते।समय व्यक्ति पर भरोसा रखकर ही अपनी सोच चलने की होगी तभी हम कुछ कर सकते हैं बाकी निजी हितों को सामने रखकर रुकावट पैदा करेंगे तो समाज का जो नुकसान या नफा यह तो आने वाला समय बताएगा पर यह जरूर होगा हम उन ऐतिहासिक क्षणों के गवाह बनने से वंचित हो जाएंगे जो समाज बदलने जा रहा है।

यह अवसर व्यक्तिगत सोच से ऊपर उठकर सामूहिक सोच के साथ आगे बढ़ने का हैं बाकी कारवां जो चल पड़ा है वह तो चलेगा ही किसी के रहने ना रहने से जब परिवार नहीं रुकता तो ना देश रुकता है ना समाज। मेरा आप सबसे नम्र निवेदन है इस महान यज्ञ में अपनी एक चुटकी आहुति जरूर देना चल पड़ना नलिया आपके स्वागत में पलक पावड़े बिछा कर आपका इंतजार कर रहा है जहां समाज को एक नई दिशा मिलेगी, नहीं तो वे सगे संबंधी तो जरूर मिलेंगे जिन्हें हम बीसीयों सालो से नहीं मिले हैं इसी उम्मीद के साथ।

- आपका प्रवीण मैशेरी

*World is changing rapidly...*

*Todays everything is available on one CLICK at our door steps....*

# KDO B2B

has formed a platform for our own KDO community to multiply our business Opportunities.

Lets all take one step to digitise our kdo businesses by connecting them in the thread of KDO B2B.

*Lets transform our businesses by taking them to the next level. And first step is to simply click the link given below and fill up the form as Soon as possible .....*

**b2b.kdosamastamahajan.org**

- first 500 business will be posted free in our website in B2B portal.
- huge business opportunities amongst our community and their contact spheres awaits you. So don't wait and go for it.
- enhance your entraprenuerial skills by being part of eminent KDO business community.






# સગપણ સેતુ

શ્રી સમસ્ત કચ્છી દશા ઓશવાલ જૈન મહાજન-જ્ઞાતિમૈયાના માધ્યમથી જ્ઞાતિના લગ્નોત્સુક યુવક-યુવતીઓને યોગ્ય પાત્ર મળે એ માટે શ્રી કચ્છી દશા ઓસવાલ જૈન જ્ઞાતિ મહાજન મુંબઈની સગપણ સેતુ સમિતિના સહકાર સહયોગથી સગપણ સેતુ નામથી વિભાગ શરૂ કરેલ છે.



આસુવિધાનોલાભલેવાજ્ઞાતિજનોપોતાનોસંપૂર્ણબાયોડેટા-ફોટાસાથે કન્વીનર મનીષા લાલકા(૯૮૨૦૫૪૫૭૩૪), જલ્પા લોડાયા(૯૮૬૭૬૧૫૯૧૩), જસ્મીન સાયલા, જસ્મીન ધુલ્લા. કલ્પેશ લોડાયા, હિતેશ નાગડા, રિતેશ ખોના, પ્રગ્નેશ નાગડા, વર્ષા લોડાયાનો સંપર્ક કરવો.



**Name:**

**Rachita Laxmichand Shah (Nagda)**

**Birthdate :** 12th October,1988

**Height :** 5’2”

**Weight :** 68

**Medium of Learning :** ENGLISH

**Place of birth & time :** Dombivali 12.25 pm

**Qualifications :** MBA (finance) MCom (Business Management)

**Job : Business :** Kirti Financial services (partners with Uncle)

**Hobbies :** Reading , Movies, Traveling

**Native :** Rangpur ( Jamnagar )

**Gnyati :** Kutchi Dasa Oswal

**Mobile :** 8080209050

**Family Details :**

**Father :** Laxmichand Nagda

**Occupation :** Proprietor of Kirti Enterprises (Building Material Supplier )

**Mother :** Sarla Laxmichand Nagda (Housewife )

**Siblings :** Sister : Nikita Laxmichand Shah (TEACHER ) ( unmarried )

**Residence :** C-1005, 10 floor, Harmony Tower CHS,D.D.Upadhayay Marg, Mulund (West), Mumbai- 400080.

**Gyatimaiya KDO Mahajan Code No. G-11**



**Name :**
**Darshan Heerachand Meisheri**

**Date of Birth :** 26Th May 1992

**Birth Time :** 01:32 Pm

**Birth Place :** Ballari (Karnataka)

**Height :** 5’7”

**Weight :** 65 Kgs

**Manglik :** Yes

**Hobby :** Music / Travelling

**Qualification :** B.com

**Native Place :** Lhakau (Gujarat)

**Occupation :** Self Employed

**Annual Income :** 4 Lacs PA

**Father :** Heerachand Meghji Meisheri

**Mother :** Pragna Heerachand Meisheri

**Dada :** Meghji Lalji Meisheri (Jhakau)

**Nana :** Padamsi Manekji Lodaya, Gadag (Kothara)

**Brother :** Kushal Heerachand Meisheri

**E-Mail :** Darshanmeisheri@Gmail.com

**Residential Add :** Flat No. 405, Arihant Arcade, Maverick Global Apparments, Near R R Theratre, Vishal Nagar, Bellary 9980514424, 08392-261131, Chetan Mama : Bellary 08392261131 9632495678

**Gyatimaiya KDO Mahajan Code No. B-8**

નોંધ : જે પાત્રો સગપણ સંબંધે જોડાય તેઓ અમને જાણ કરે જેથી અમે અમારા રેકોર્ડમાં સુધારો કરી શકીએ.

# શ્રી સમસ્ત કચ્છી દશા ઓસવાલ જૈન મહાજન

## નારી સશક્તિકરણ સમિતિ આયોજિત

# નારી શક્તિ ૨૦૧૮

**તાઃ ૨૩ ડિસેમ્બર ૨૦૧૮ થી ૨૫ ડિસેમ્બર ૨૦૧૮માં સહભાગી થાવ**

**યોગ્યતાના ધોરણે ૩૦૦ મેમ્બરોને આમંત્રણ આપવામાં આવશે.**

આ સેમિનારનું મુખ્ય આકર્ષણ આમાં હેલ્થ, કાયદાકીય, નાણાંકીય વિષયક જાગૃતિ, વ્યાપાર રોજગારમાં પ્રગતિ, પ્રેરણાયીક વિચારો સાથે વ્યક્તિત્વ વિકાસ વિશે માર્ગદર્શન અપાશે. ★ એન્ટ્રી નિશુલ્ક ★ નોંધણી ફરજિયાત

**ફોર્મ ભરવાની છેલ્લી તા. ૨૫ ઓક્ટોબર ૨૦૧૮**

**વિગતો માટે સંપર્ક કરો :**

**મનીષભાઈ લોડાયા - ૯૭૬૯૯ ૯૧૯૨૨**

---

## Shree Samast KDO Jain Mahajan YUVA Committee Organise




So pull up your socks & get ready for

* Power Packed Seminars * Enlightment on Goal Setting * Vision Development * Treasure Hunt * Team Building Games * Campfire * Garba Night ......and much more

**Date: 23 Dec. 2018 To 25 Dec. 2018**

Criteria :

*** 16 yrs to 35 yrs Unmarried * Limited Seats**

*** No Entry Fees * Registration Compulsory**

Hope to see you all in Huge Numbers.

For Details Contact : **9769502277, 9579787800, 9769991922**

**Venue: Naliya, Kutch**

# શ્રી અચલગચ્છ જૈન સંઘ ડોમ્બીવલીના આંગણે ૫ પૂ. સા.શ્રી તપોગુણાશ્રી મ. સા.ની નિશ્રામાં જ્ઞાનપંચમીની આરાધના













|| શ્રી મહાવીરાય નમઃ || || શ્રી અંબામાતાય નમઃ || || શ્રી ભલારાદાદાય નમઃ ||



# સમસ્ત કચ્છી દશા ઓશવાલ જ્ઞાતિના છેડા ગોત્રના કુળદેવી શ્રી અંબામાતાજીની ૨૫મી સમુહ પહેડી

**રજત જયંતી સમુહ પહેડી નિયાણી બહેનોને સમર્પિત**

સહર્ષ જણાવવાનું કે સમસ્ત છેડા ગોત્રના કુળદેવી શ્રી અંબામાતાજીની **૨૫મી સમુહ પહેડીનું** આયોજન સંવત ૨૦૭૫ કારતક વદ ૧૦ ને રવિવાર, **તા. ૨/૧૨/૨૦૧૮** નાં શુભ દિને કરવામાં આવેલ છે.

આ શુભપ્રસંગે છેડા ગોત્રના સર્વે ભાવિકો તથા છેડા ગોત્રની નિયાણી બહેનોને સહ પરિવાર પધારવા નિમંત્રણ છે.

## ◈ કાર્યક્રમની આછી રૂપરેખા

- **માતાજીની છબીની સ્થાપના : સવારના ૯.૧૫ કલાકથી**
- **ભક્તિ સંગીત : સવારના ૯.30 કલાકથી**
- **પહેડી પ્રસાદ : બપોરના ૧.૧૫ કલાકથી**
- **ઉત્થાપન : બપોરના ૨.30 કલાકથી**
- **સરસ્વતી સન્માન : બપોરના 3.00 કલાકથી**

## ◈ શુભ સ્થળ ◈

**સારસ્વત વાડી,**
**ઝવેર રોડ, મુલુંડ (વેસ્ટ),**
**મુંબઈ – ૪૦૦ ૦૮૦.**

## ◈ વિશેષ કાર્યક્રમ ◈

નિયાણી બહેનો તરફથી આયોજન કરવામાં આવેલ છે.

**• વિષય : 'કુટુંબ વડીલ વંદના'**

**• શ્રી ઉત્તમ છેડાના સંગીતના સથવારે સુંદર રજુઆત કરશે. • સમય : સાંજના ૫.30 કલાકથી**

**• ડિનર : રાતના ૮.30 કલાકથી**

## -: વિશેષ નોંધ :-

• આપની સમયસરની હાજરી અમને અને સંગીતકારને પણ પ્રોત્સાહિત કરે છે. સવારના પાંખી હાજરી ને કારણે કાર્યક્રમની શરૂઆત કરવામાં મોડું થઈ જાય છે. તેથી સવારના ૯.30 કલાક સુધી સર્વેને હાજર થઈ જવા નમ્ર વિનંતી. • પહેડી દરમ્યાન કાળાવસ્ત્રો પહેરવા વર્જીત છે. • છેડા ગોત્રના સંતાનો તેમજ નીયાણીઓના સંતાનો જેમણે શાળામાં ૧ થી ૯ સુધી ૭૫%, S.S.C.થી S.Y. સુધી ૭૦%, ગ્રેજ્યુએટ અને પોસ્ટ ગ્રેજ્યુએટ પાસ થયેલ દરેક વિદ્યાર્થીઓએ તેમની તેમણે માર્કશીટની ઝેરોક્ષ કોપી તા. ૧૫-૧૧-૨૦૧૮ સુધી નીચેના સરનામે ઓર્ડીનરી પોસ્ટથી પહોંચાડવા વિનંતી. પહેડી દરમ્યાન બહુમાન કરવામાં આવશે. માણેકજી વસનજી છેડા, ફ્લેટ નં.૩૦૫, હોરાઈઝન ફ્લોરા, કસ્તુરબા રોડ, મુલુંડ (વે). • જાહેરાત ખર્ચ, પ્રસાદી ખર્ચ, નિયાણી બહુમાન ખર્ચ, સંગીત ખર્ચ માટે સ્પોનસરશીપ આવકાર્ય છે. જે પણ ભાવિકોને ઈચ્છા હોય તો કાર્યકર્તાઓનો સંપર્ક કરવા વિનંતી. • દરેક ભાવિકો તથા છેડા ગોત્રની નિયાણી બહેનોને પોતાના નામ, સરનામા, મોબાઈલ નંબર તથા ઈ-મેલ સરનામું ત્વરિત કાર્યકર્તાઓને મોકલવા નમ્ર વિનંતી. • રજત જયંતી ઉજવણીને ધ્યાનમાં રાખી નીચેના ડ્રેસ કોડમાં પધારવા નમ્ર વિનંતી. નિયાણી બહેનો તથા ભાવિકાઓ : ખોંભાના છાયલા (ઘરચોડો) અથવા બાંધણી. ભાવિકો : સફેદ કુરતા પાયજામો પહેરવા વિનંતી. • સમય મળશે તો અન્ય કાર્યક્રમ સાંજના સમયમાં ઉમેરવામાં આવશે. **• બહારગામથી હાજર રહેવા ઈચ્છતા ભાવિકોને માટે ઉતારાના વ્યવસ્થા કરવામાં આવશે. તેથી જેમને પણ ઉતારાની સગવડની જરૂરત હોય તો કાર્યકર્તાઓને ૩૧મી ઓક્ટોબર સુધીમાં આવવાની તારીખ તથા સંખ્યાની જાણ કરવા વિનંતી.**

**છેડા ગોત્રના શ્રી અંબામાતાજી સમુહ પહેડી સમિતિ વતી જય અંબે વાંચશોજી.**

**વધુ વિગત માટે સંપર્ક સાધો**

| | | | | | |
|---|---|---|---|---|---|
| માણેકજી વસનજી છેડા | મુલુંડ | ૯૮૧૯૫૫૬૭૬૭ | દામજી ચાંપશી છેડા | મુલુંડ | ૯૩૨૩૮૬૫૦૩૨ |
| શાંતીલાલ લાલજી છેડા | મુલુંડ | ૯૩૨૧૪૭૮૨૭૦ | હિરાચંદ ધનજી છેડા | ડોંબિવલી | ૯૩૨૧૩૭૮૯૯૯ |
| પિનાકિન જેઠાભાઈ છેડા | મુલુંડ | ૨૫૬૮૬૪૬૮ | ઉમેશ સુરેશચંદ્ર છેડા | મુલુંડ | ૯૮૩૩૫૯૭૪૬૫ |
| કુમાર પ્રેમચંદ છેડા | મુલુંડ | ૯૮૧૯૯૧૯૭૮૩ | ભરત શામજી છેડા | કાંજુરમાર્ગ | ૯૩૨૦૨૧૮૪૦૫ |
| કિશોર શામજી છેડા | ઘાટકોપર | ૯૭૫૭૦૫૩૬૬૭ | નરેશ પ્રેમચંદ છેડા | માટુંગા | ૯૯૬૭૬૫૪૬૫૯ |
| કમલેશ ઝવેરચંદ છેડા | મુલુંડ | ૯૮૨૦૬૩૮૪૫૭ | જયેશ નવિનચંદ્ર છેડા | ભાંડુપ | ૮૬૭૩૬૮૯૭૦ |

# જાહેર વિજ્ઞપ્તિ

**શ્રી કચ્છી દશા ઓશવાલ જ્ઞાતિજનો જોગ,**

શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન જ્ઞાતિ મહાજનના દરેક મહાજનોને જ્ઞાત જ હશે કે આપણી જ્ઞાતિનું ચતુર્થ સંમેલન ૨૭ વર્ષના વહાણા બાદ કચ્છ-નલીયા ખાતે યોજાઈ રહ્યું છે. કચ્છમાં સંમેલનનું આયોજન કરવું ભગીરથ કાર્ય છે. કચ્છના અન્ય મહાજનો/સંસ્થાઓ તથા સૌ જ્ઞાતિજનોના સથવારે આપણે આ કાર્યને પહોંચી વળશું. આ સંમેલનમાં પ્રતિનિધિ તરીકે સામેલ થવા માટે આપણા દરેક મહાજનોને પત્ર સાથે ફોર્મ મોકલેલ છે. 'દર દશ (૧૦) ઘર દીઠ એક પ્રતિનિધિ' મુજબ પ્રતિનિધિની નિમણુંક કરવાની હોઈ આપના સ્થાનિક મહાજનનો સંપર્ક કરી આપનું પ્રતિનિધિ તરીકેનું ફોર્મ ભરી રજીસ્ટ્રેશન કરાવી લેશો તથા દરેક મહાજનશ્રીઓને પણ વિનંતી છે કે તેઓ પ્રતિનિધિના ફોર્મ ભરીને જલ્દીથી જલ્દી શ્રી સમસ્ત મહાજનની મુલુંડ ખાતેની ઓફીસે મોકલશો. શરતચૂકથી અગર કોઈ મહાજનને ફોર્મ ના મળી શક્યું હોય તો તેઓ gyatimaiya2018@gmail.com પર પોતાની mail id પર થી mail કરશો તો તમોને તુરંત ફોર્મ મેલ દ્વારા મોકલી શકીશું. આ સંમેલનમાં નારી શક્તિ ૨૦૧૮ તથા યુથ ફેસ્ટ ૨૦૧૮નું પણ આયોજન કરવામાં આવેલ છે. જેમાં ભાગ લેવા માટે ગુગલ ફોર્મની લીંક આ અંકમાં સામેલ હોઈ જલ્દીથી જલ્દી રજીસ્ટર કરી આપનું સ્થાન સુનિશ્ચિત કરી લેશોજી.

આપના સાથ-સહકારની અપેક્ષા સહ :

**શ્રી સમસ્ત કચ્છી દશા ઓશવાલ જૈન મહાજન,**

**૨, બી-વિંગ, કૃષ્ણકુંજ બિલ્ડીંગ, વાલજી લધા રોડ, મુલુંડ (વેસ્ટ), મુંબઈ - ૪૦૦ ૦૮૦.**

**સંપર્ક : મનિષ લોડાયા : ૯૭૬૯૯૯૧૯૨૨**





**જ્ઞાતિમૈયા માં**
**આપની કોઈપણ મેટર અથવા જાહેરાત મોકલો**

Email Id : gyatimaiya2018@gmail.com
Email Id : mahajansamast@gmail.com
Website : www.kdosamastamahajan.org

**અથવા વોટસએપ પર મોકલો**

**9769991922**
**9820302853**
**9322257731**




● જિલ્લામાં અછત જાહેર થયા પછી અબડાસા તાલુકામાં હજુ અમલવારી નહીં થવાને કારણે હવે પશુઓની હિજરત કરવાનો સમય આવી ગયો હોવાનું જણાની અબડાસાના પૂર્વ ધારાસભ્ય ઈબ્રાહીમ મંધરાએ જીલ્લા કલેક્ટર રમ્યા મોહનને પત્ર લખી ઢોરવાડા મંજૂર કરવા માંગ કરી છે.

● ભુજ તાલુકાના કોટડા(ઉગમણા) ગામે ગૌશાળા લાભાર્થે લોકપ્રિય ગાયિકા કચ્છી કોયલ ગીતાબેન રબારીનો સંતવાણી કાર્યક્રમ યોજાયો. જેમાં માતબર રકમની ઘોર થઈ હતી તેમજ દાન મળ્યું હતું. આજુ બાજુ ગામોના ૮ થી ૧૦ હજાર જેટલી જનમેદની ઊમટી પડી હતી.

● ભચાઉ તાલુકામાં આવેલા બાર થી પંદર ગામો અને વાંઢ વિસ્તારનો સમૂહ ખડીર વિસ્તાર પૂર્ણપણે વરસાદ આધારિત છે. ચાલુ સાલે વરસાદ ન થતાં આ વિસ્તારના લોકો પેટીયું રળવા અને ખાસ કરી પશુધનને બચાવવા માટે ઉચાળા ભરી રહ્યાં છે. આ વિસ્તારમાં વિશ્વની વિરાસત સમું હડપ્પન સંસ્કૃતિનું નગર ધોળાવીરા આવેલું છે. ત્રણ મહિનાથી નર્મદાનું પીવાનું પાણી નથી મળ્યું. ટેન્કરનું પાણી પીવા લાયક નથી. ઘાસડેપોમાં ઘાસ જ નથી આવતું. હજુતો શિયાળાની શરૂઆત છે. ઉનાળામાં કેવી કપરી હાલત થશે એવું વિચારી એકલા અમરાપર માંથી ૧૪૦ પરિવારો, ગણે શપરમાંથી ૫૦ થી ૬૦ પરિવારો તેમજ કલ્યાણ પર, રતનપર, ધોળાવીરા વિગેરે ગામોથી હિજરત કરી ગયા છે.

● સૂકી અને ક્ષારવાળા આબોહવા અને ચા–બીડીના વ્યાપક વ્યસનને લીધે વાગડ વિસ્તારમાં દમ અને શ્વાસની તકલીફ વાળા દર્દીઓ સવિશેષ હોય છે. આવા દર્દીઓના લાભાર્થે છેલ્લા દસ વર્ષથી યોજાતા દમ અને શ્વાસ નિવારણ શુલ્ક આયુર્વેદિક સેવા કેમ્પ યોજાયો જેમાં ૩૦૦ દર્દીઓ એ લાભ લીધો હતો.

● માંડવીની રામકૃષ્ણ હાઈસ્કૂલમાં ભારત સરકારના માનવ સંશાધન અને વિકાસ મંત્રાલય તેમજ રાષ્ટ્રીય માધ્યમિક શિક્ષા અભિયાન સ્વચ્છતા પખવાડિયા અંતર્ગત વિદ્યાર્થીઓ, સ્ટાફ અને વાલીઓએ હું કદી ગંદગી કરીશ નહીં અને કદી ગંદકી કરવા દઈશ નહીં. તેવા શપથ લીધા હતા.

● માતાના મઢ પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર ખાતે સર્ગભા મહિલાઓ માટે થેલેસેમિયા તપાસાર્થે મેગા કેમ્પનું આયોજન આરોગ્ય ખાતા અને રેડક્રાસ સોસાયટીના સહયોગથી કરાયું. જેમાં ૧૦૭ સર્ગભા મહિલાએ લાભ લીધો હતો. તપાસ દરમ્યાન સાત જેટલી મહિલાઓ જોખમી જણાતાં ભુજની જી.કે.હૉસ્પિટલ ખાતે સારવાર માટે મોકલાઈ હતી.

● પશ્ચિમ કચ્છ ખાદી ગ્રામોદ્યોગ દ્વારા ખાદી ખરીદી પર વળતરનો ગ્રાહકોમાં સારો પ્રતિસાદ સાંપડ્યો છે. પશ્ચિમી કચ્છ વિભાગના સાત વેચાણ કેન્દ્રો વિજયનગર ભુજ, નખત્રાણા, પાન્ધ્રો, નલિયા, કોઠારા, ગઢશીશા અને વાકુંમાં ૨૫ ટકા વધુ વેચાણ થયું છે. સૌથી વધુ ખાદીનું વેચાણ સુતી ખાદીનું થયું છે. ખાદીપર ૩૫ ટકા વળતર અપાય છે. રેશ્મી અને પોલીખાદીમાં યુવા વર્ગે પણ ખરીદીમાં સારો ઉત્સાહ બતાવ્યો હતો.

● આઝાદી કાળે સાડા પાંચસો જેટલા રજવાડાઓને જોડી અખંડભારતના શિલ્પી સરદાર વલ્લભભાઈ પટેલની સ્મૃતિ જળવાઈ રહે એ માટે ગાંધીધામ સંકુલનું નિર્માણ પામેલા શહેરનું નામ ગાંધીજીની ઈચ્છાને લીધે સરદાર ગંજ રખાયું હતું. પણ ૩૦ જાન્યુઆરીના મહાત્માનું અવસાન થતા સરદારની સ્વયં સૂચનાથી ગાંધીધામ નામ કરણ કરાયું.

# શ્રી કલ્પેશભાઈ મોતા દ્વારા મુમુક્ષુની અનુમોદના કરાઈ



**મુમુક્ષુ શ્રી મનોજભાઈની અનુમોદના શ્રી અનંતનાથજી મહારાજ જૈન દેરાસરના ટ્રસ્ટી શ્રી કલ્પેશભાઈ મોતાએ કરી હતી.**

# જ્ઞાતિના ચતુર્થ સંમેલન માટે સહ સેક્રેટરીઓની નિમણૂંક કરાઈ



શ્રી રમેશભાઈ મોતા



શ્રી કુમારભાઈ દંડ



શ્રી પિનાકીનભાઈ છેડા



શ્રી ફોરમ લોડાયા

શ્રી સમસ્ત કચ્છી દશા ઓશવાળ જૈન મહાજન દ્વારા નલિયા મુકામે શેઠશ્રી ભવાનજી અરજણ ખીમજી નગર સ્થળે તા.૨૩,૨૪,૨૫ ડિસેમ્બરના ભરાનાર જ્ઞાતિ સંમેલનની તૈયારીઓને વેગ આપવા સમસ્ત મહાજનશ્રી દ્વારા ચાર સહ સેક્રેટરીની નિમણૂંક કરાઈ છે જેમાં શ્રી રમેશભાઈ મેઘજી મોતા, શ્રી કુમારભાઈ બાબુભાઈ દંડ, શ્રી પિનાકીન જેઠાલાલ છેડા અને શ્રી ફોરમ દિનેશ લોડાયા છે.

Gallery of Designer Customized Photo Framing at IIT, POWAI.

Larin Khona
(Sujapar)

anmol
COLLECTION

ART & FRAMES

ORIGINAL PAINTING | CUSTOM FRAMING | FINE ART MATERIALS



/anmolartnframes +91 98692 73314 info@anmolartnframes.com

# જીવન ઘટમાળ

**● જ્ઞાતિ સગપણ ●**

| | | | | |
|---|---|---|---|---|
| ૧૨-૧૧-૨૦૧૮ | ડોમ્બિવલી | સચિન અશોક કાનજી દંડ | સેવક ભરૂડિયા | ૨૭ |
| | નાલાસોપારા | ઉન્નતિ દિપક પદમશી લોડાયા | મોટી ખાવડી | ૨૩ |

**● મરણ નોંધ ●**

| | | | | |
|---|---|---|---|---|
| ૧૪-૧૧-૨૦૧૮ | ગાંધીધામ | લતા લાલજી મોતા | રાપર | ૬૩ |
| ૧૬-૧૧-૨૦૧૮ | બેંગ્લોર | રેવતીબાઈ ભવાનજી ધરમશી | સુથરી | ૮૦ |
| ૧૬-૧૧-૨૦૧૮ | ડોંબિવલી | ભરત ગાંગજી ધરમશી | રંગપુર | ૬૧ |
| ૧૭-૧૧-૨૦૧૮ | ડોંબિવલી | મણિલાલ કુંવરજી ધરમશી | સાંધવ | ૬૫ |
| ૧૭-૧૧-૨૦૧૮ | વડોદરા | માણેકજી ખીમજી લોડાયા | સાંયરા | ૮૫ |



NOW SAVE UPTO 99%#
ON PREMIUM OF YOUR
COMMERCIAL VEHICLES*
(ZERO DEP COVER ALSO AVAILABLE)



# VALID TILL 15/11/2018

* T&C APPLY

insurancekhoj.com™
the ultimate stop for insurance ™

Yashodhan Karani – 9821137737 ♦ Deepak Karani - 9821082664

Karani

insurancekhoj@gmail.com ◆ 9004999900

# 404, BPS PLAZA, DEVIDAYAL ROAD, MULUND (WEST), MUMBAI - 400 080.

MUMBAI • PUNE • JALGAON • JAMNAGAR • BHUJ • RAJKOT • HUBLI • BHOPAL

|| શ્રી અનંતનાથાય નમઃ ||



જ્ઞાતિ શિરોમણી શેઠશ્રી નરશી નાથા

# શ્રી સમસ્ત કચ્છી દશા ઓશવાલ જૈન મહાજન
# દ્વારા આયોજીત

## યજમાન : શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન મહાજન, નલિયા
## સ્થળ : શેઠ શ્રી ભવાનજી અરજણ ખીમજી નગર, નલિયા અબડાસા, કચ્છ
## મુખ્ય સહયોગી : શેઠ શ્રી ભવાનજી અરજણ ખીમજી, કચ્છ તેરા, માટુંગા
## હસ્તે શેઠશ્રી હંસ બી. ખીમજી, તેરા માટુંગા

શ્રી સમસ્ત કચ્છી દશા ઓશવાલ જૈન જ્ઞાતિજનો જોગ,

સવિનય જણાવવાનું જે **શ્રી સમસ્ત કચ્છી દશા ઓશવાલ જ્ઞાતીનું ચર્તુથ સંમેલન તા.૨૩, ૨૪ અને ૨૫ ડિસેમ્બર ૨૦૧૮ના રવિવાર, સોમવાર અને મંગળવાર** ના દિવસે નલીયા મુકામે **શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન જ્ઞાતિ મહાજન, નલીયા**ના યજમાન પદે આયોજન કરવામાં આવી રહ્યું છે. જેની નોંધ લેશોજી.

આ અંગેની વધુ માહિતીઓ જ્ઞાતિના તમામ મહાજનોને ટુંક સમયમાં મોકલવામાં આવશે.

સર્વે જ્ઞાતીજનો, જ્ઞાતી સંસ્થાના પદાધિકારીઓને જાણ થાય કે આ સમય દરમ્યાન પોતપોતાના અંગત તથા સંસ્થાગત કાર્યો ગોઠવવા નહી, જેથી જ્ઞાતિજનો સંમેલનમાં ભાગ લઈ શકે.

સંમેલન પ્રસંગે પધારનાર પ્રતિનિધિઓને **તા.૨૨-૧૨-૨૦૧૮ શનિવાર** ના નલિયા મુકામે પહોંચવાનું રહેશે.

**નીશિથ એ. દંડ**
**(સેંક્રેટરી જનરલ)**

# શ્રી સમસ્ત કચ્છી દશા ઓશવાલ જૈન મહાજન

(ધી બોમ્બે પબ્લિક ટ્રસ્ટ એક્ટ ૧૯૫૦ આર નં.એ ૩૯૨૬ (મુંબઈ) ૧૯૯૨)

mahajansamast@gmail.com